# સિવિલમાં ૩ જા મજલે નોન કોવીડ આઈસીયુ કાર્યરત

## ૫ મા માળે સર્જીકલ ઓટીની પાછળના ભાગે કોવીડ આઈસીયુ શરુ કરાયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ત્રીજા માળે નોન કોવીડ આઈસીયુ ફરીવાર શરુ કરી દેવાયું છે. જયારે કોવીડ આઈસીયુ પાંચમા માળે સર્જીકલ ઓપરેશન થિયેટરની પાછળના ભાગે કાર્યરત છે. સમગ્ર રાજય સહિત ગાંધીનગરમાં પણ કોરોનાના કેસ એકદમ સામાન્ય થઈ જતા નોન કોવીડ દર્દીઓને આરોગ્યલક્ષી સુવિધા વધુ સુદ્રઢ બને તે માટે સિવિલ તંત્ર દ્વારા તૈયારીઓ શરુ કરી દેવાઈ છે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હતા. તાવ થી માંડીને કીડનીને લગતી બિમારીની સારવાર થતી હતી. ઓપીડી, ૬૦૦ બેડની હોસ્પિટલ સહિત તાત્કાલીક સારવાર વિભાગ પણ સતત કાર્યરત રહેતો હતો. ત્યારે અચાનક કોરોનાએ કહેર મચાવતા ચો તરફ હાહાકાર મચી ગયો હતો. વૈશ્વિક મહામારી કોરોનાએ ગાંધીનગર શહેર-જિલ્લામાં અજગરી ભરડો લીધો હતો. કોરોનો પોઝીટીવ કેસોની સંખ્યામાં રોજ ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો હતો. શહેરની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ ગઈ હતી. સિવિલ કેમ્પસમાં પણ ૬૦૦ બેડની હોસ્પિટલને કોવીડમાં ફેરવી દેવાઈ હતી. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૪૫૦ થી વધુ કોરોના દર્દીઓને એડમીટ કરાયા હતા. નવી બિલ્ડીંગમાં આવેલા તમામ વિભાગના વોર્ડ સદંતર બંધ કરી દેવાયા હતા. તે સમયે હિમોડાયાલિસીસ અને નોન કોવીડ આઈસીયુ પણ અન્યત્ર જગ્યાએ ખસેડવામાં આવ્યું હતું. ત્યારે હાલ કોરોનાનો એક પણ કેસ શહેર કે જિલ્લામાં જોવા ન મળતા નાગરીકોએ હાશકારો અનુભવ્યો છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા નોન કોવીડ આઈસીયુ ત્રીજા માળે ફરીવાર કાર્યરત કરી દેવાયું છે. જયારે કોવીડ આઈસીયુ પાંચમા માળે શરુ રાખવામાં આવ્યું છે. ત્યારે નોન કોવીડ દર્દીઓને સારવાર વધુ સારી રીતે મળી રહે તે દિશામાં તંત્ર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

# સેકટર-૨૧માં દુકાનેથી કાપડ ખરીદી, કપડા સિવડાવી રૂ.૧.૧૬ લાખ ન ચુકવતા ફરીયાદ

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૨૧ સ્થિત કાપડની દુકાન ધરાવતા વેપારીને વિશ્વાસમાં લઈને વેપારીની દુકાનમાંથી પોતાના તેમજ મિત્રો માટે કાપડની ખરીદી કરી તે દુકાને જ સીલાઈ કરવા માટે આપીને વેપારીને રૂ.૧.૧૬ લાખ ન ચુકવતા વેપારીએ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પ્લોટ નં.૧૦ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા વિક્રમભાઈ વસંતભાઈ રાઠોડ પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર પ્લોટ નં.૨૧૭ ખાતે કલાસીક મેન્સવેર નામની દુકાન ધરાવે છે. આ દુકાનમાં કાપડ રાખી વેચાણ અને કપડા સીવવાનું કામ કરે છે. વેપારીની દુકાનમાં વર્ષ ૨૦૨૦માં વિજયસિંહ કનુસિંહ જાડેજા કલાસીક મેન્સવેર ખાતે આવ્યા હતા અને કાપડની ખરીદી કરી હતી અને કપડા સિવડાવવા માટે પણ દુકાને આપીને ગયા હતા. ત્યારબાદ બે ત્રણ વાર વિજયસિંહ દુકાને આવ્યા હતા અને કાપડની ખરીદી કરી સિવડાવીને પૈસા આપી ગયા હતા. ત્યારબાદ વેપારીનો ભરોસો વિજયસિંહે કેળવી લીધો હતો. ત્યારબાદ ગત તા.૨૨-૧૦-૨૦૨૦ ના રોજ વિજયસિંહ જાડેજા તેમજ તેમના મિત્ર સંજયભાઈ બંન્ને વિક્રમભાઈની દુકાને કાપડની ખરીદી માટે આવીને તેમની પસંદગીનું કાપડ લઈ સીવડાવવા માટે માપ આપી ગયા હતા. જેમાં વિજયસિંહની એક જોડ અને તેમના મિત્ર સંજયભાઈના ત્રણ જોડ કપડા હતા. તા.૨૩.૧૦.૨૦૨૦ના રોજ વિજયસિંહે ફોન કરીને વેપારી વિક્રમભાઈને કહ્યું હતું કે મારા મિત્રોને કપડા સિવડાવવા હોવાથી તમારી દુકાને મોકલુ છુ. તેમને જે પસંદ પડે તે કાપડ આપી તમે તેમના કપડા સીવીને તૈયાર રાખજો. તેના જે પણ રૂપીયા થશે તે તમામ બીલ હુ ચુકવી આપીશ તેઓ પાસે રૂપીયા માંગતા નહી. જેથી વેપારીએ કંઈ વાંધો નહી તમારા મિત્રોને મોકલી આપજો. જેથી વિજયસિંહના મિત્ર ચંદનસિંહ, ભરતસિંહ, બે મિત્ર આવ્યા હતા. જેમાં ચંદનસિંહે બે જોડ સફારીનું કાપડ તેમજ ભરતસિંહની છ જોડ તેમજ તા.૨૪-૧૦-૨૦૨૦ના રોજ દિવ્યરાજસિંહના ચાર જોડ, કાલુભાઈના ત્રણ જોડ, જયેન્દ્રસિંહના બે જોડ, સુરજસિંહના બે જોડ કાપડની ખરીદી કરીને સિવડાવવા માટે આપ્યા હતા.

ત્યારબાદ બીજા દિવસે તા.૨૫-૧૦-૨૦૨૦ ના રોજ તેમના મિત્ર સંજયભાઈના બે જોડ તેમજ તા.૨૭-૧-૨૦૨૦૨૦ ના રોજ મુકેશ ચૌધરીના ચાર જોડ, તા.૨૮ ના રોજ અરવિંદસિંહના એક જોડ, ઘનશ્યામસિંહના ત્રણ જોડ , જીતેન્દ્રસિંહના ચાવડાના ત્રણ જોડ, કૃણાલસિંહ ભાટીના બે જોડ તેમ જ તા.૨૯ ના રોજ તેમના મિત્ર દિનેશભાઈના પાંચ જોડ કાપડની ખરીદી કરી હતી અને સીવડાવવા માટે તમામ કાપડ વેપારીને આપ્યા હતા. ત્યારબાદ વેપારીએ તમામ કપડા સીવીને તૈયાર કરી દીધા હતા અને વિજયસિંહને કાપડ અને સીલાઈ મળીને કુલ રૂ.૧.૧૬ લાખનું બિલ થયુ હોવાની વાત કરી હતી. જેથી વિજયસિંહ દિવાળીના આગળના દિવસોમાં મિત્રો તેમજ તેમના કપડા લેવા માટે આવ્યા હતા. તે સમયે રોકડા પૈસા ન હોવાથી તેમની પત્નીના નામનો એસબીઆઈ બેંકનો ચેક તમામ રકમનો ભરીને આપ્યો હતો. વેપારીએ લાભ પાંચમ પછી ચેક ભરતા તે પરત ફર્યો હતો.

ચેક પરત ફરતા વેપારીએ વિજયસિંહને વાત કરી હતી. જેથી રોકડા રૂપીયા પહોંચાડી દઈશ તેવી વાત કરી હતી. ત્યારબાદ વેપારી દ્વારા ફોન કરવામાં આવતા તે ફોન નંબર બંધ આવે છે. ત્યારબાદ વેપારીએ સરગાસણ વિસ્તારમાં સૌંદર્ય -૪૪૪ એફ.૫૦૧ ખાતે રહેતા વિજયસિંહ કનુસિંહ જાડેજા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ ના નવ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે ૯૬૨૫ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં ૩૭૮૬ લોકોને અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૮૩૯ લોકોને આવરી લેવાયા હતા.

● સચિવાલય સંકુલમાં આજે ગુટલીબાજ કર્મયોગીઓનો મુદ્દો સૌથી વધુ ચર્ચાસ્પદ હતો.

● વોઈસ ઓફ ગુજરાત બનેલ ભદ્રાયુ બક્ષી ઈન્ડિયન કરોકે આઈડોલમાં ''ખાસ રેકગનાઈઝેશન પ્રમાણપત્ર''થી સન્માનિત કરવામાં આવ્યા છે.

● કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના આગામી સપ્તાહના ગાંધીનગર સંસદીય મતવિસ્તારના સૂચિત પ્રવાસને લઈ ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

● શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં લોકો દ્વારા માસ્ક પહેરવાનું જે ટાળવામાં આવી રહ્યુ છે તે સામે મનપા જનજાગૃત્તિ અભિયાન છેડશે. ''બેદરકાર ન બનીએ સચેત રહો'' ઝુંબેશ મનપા દ્વારા ચલાવવામાં આવશે.

● આજે સોમવારે ગાંધીનગરની લગભગ તમામ કચેરીઓમાં મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

● જગન્નાથ મંદિરના ટ્રસ્ટીઓ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ વચ્ચે આજે ગાંધીનગરમાં બેઠક યોજાઈ હતી.

● ૨૦૧૯ની બેચના સનદી અધિકારીઓને બીજા ભાગની તાલિમ માટે આસિ. કલેક્ટર તરીકે નિયુક્તી આપતા હુકમો કરાયા છે. ૮ જેટલા આ અજમાયશી સનદી અધિકારીઓને જુદા જુદા જિલ્લામાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

# આપ પાર્ટીના પ્રદેશ નેતાઓ પર થયેલા હુમલા સંદર્ભે જિલ્લા કલેકટરને આવેદનપત્ર



ગાંધીનગર, તા.૫

ગુજરાતના સોમનાથ તથા વિસાવદર જેવાં સ્થળોએ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શનો તેમજ તેમની પર હુમલાની ઘટનાઓ તાજેતરમાં બનવા પામી છે. પાર્ટીના પ્રદેશ નેતાઓ પર વારંવાર બની રહેલા હુમલાઓને અનુલક્ષીને આજે આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખ મુકેશ પટેલની આગેવાનીમાં જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આપ પાર્ટીના પ્રદેશ નેતાઓ જેમાં પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા, તાજેતરમાં આપ પાર્ટીમાં જોડાયેલા પ્રદેશ નેતાઓ ઈશુદાન ગઢવી અને મહેશ સવાણી વગેરે નેતાઓના કાફલા પર સૌરાષ્ટ્રમાં હુમલા થવાની ઘટનામાં અત્યાર સુધીમાં પકડાયેલા ઓળખાયેલા અસમાજિક તત્વોનું સત્તાધારી પાર્ટી ભાજપ સાથે કનેકશન હોવાનો આમ આદમી પાર્ટી દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. આ બાબતને અનુલક્ષીને આજે આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ મહામંત્રી રણવીર સિંહ રાઠોડ ઉપપ્રમુખ સુનિલ પટેલ જિલ્લા યુવા પ્રમુખ વિશ્વજિત દેસાઈ સહિત વિવિધ હોદેદારો સાથે મળીને ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આપ પાર્ટીના પ્રદેશ નેતાઓ પર થતા વારંવાર હુમલાઓ અટકાવવા રજુઆત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે ગાંધીનગરમાં પણ મહાનગર પાલીકાની ચુંટણીઓનો માહોલ ફરી એકવાર ગરમાવા પામ્યો છે ત્યારે ગઈકાલે જ શહેરના ગોકુળપુરા વિસ્તારમાં આપ પાર્ટીના કાર્યકરો તથા ભાજપના ઉમેદવાર વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીનો વીડિયો વાઈરલ થતાં ચકચાર મચી જવા પામી હતી.


# ગઢડા ખાતે નવનિર્મિત PSA ઓક્સિજન પ્લાન્ટનું મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગરથી ઈ-લોકાર્પણ

## કોરોનાની સંભવીત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં ૩૦૦ ઓક્સિજન પ્લાન્ટ લગાવવાના લક્ષ્યાંક સામે ૧૭૫થી વધુ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા : રૂપાણી

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે કોરોનાની સંભવીત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં ૧૮૦૦ મે. ટન ઓકસીજન ઉત્પાદન કરવાના આયોજન સાથે ૩૦૦ પ્લાન્ટ લગાવવાના લક્ષ્યાંક સામે ૧૭૫થી વધુ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ બોટાદ જિલ્લાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ગઢડા ખાતે નવનિર્મિત પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ કરતા જણાવ્યું કે સામાન્ય દિવસોમાં મેડિકલ ઓક્સિજનની માંગ ૧૦૦ મેટ્રિક ટનની આસપાસ રહેતી હોય છે. પરંતુ કોરોનાની બીજી લહેરના પીક સમયે મેડિકલ ઓક્સિજનની ડિમાન્ડ ૧૨૦૦મે.ટન સુધી પહોંચી હતી. તેમણે ઉમેર્યુ કે મેડિકલ ઓક્સિજનની આવી તીવ્ર માંગ







વચ્ચે પણ ગુજરાતની એક પણ હોસ્પિટલમાં કોઈ દર્દીનું મૃત્યુ ઓક્સિજનના અભાવે થયું નથી. રાજ્ય સરકારે સુવ્યવસ્થિત આયોજન થકી હોસ્પિટલ્સમાં મેડિકલ ઓક્સિજનનો પુરવઠો જાળવી રાખ્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે જ્યાં સંપૂર્ણ લોકડાઉન વગર કોરોનાની બીજી લહેરને નિયંત્રિત કરવામાં આવી છે. દેશના ઘણા રાજ્યોમાં લોકડાઉન નાખવામાં આવેલું આમ છતાં હજી પણ કોરોનાની બીજી વેવ નિયંત્રણમાં આવી નથી. મુખ્યમંત્રીએ કહ્યું કે ગુજરાતે કોરોનાની સ્થિતિને સફળતાપૂર્વક નિયંત્રિત કરી દેશને એક મોડલ પૂરૂ પાડ્યું છે. રાજ્યમાં ૮ લાખ લોકોને આપણે સાજા કરીને ઘરે મોકલ્યા છે. રિકવરી રેટ પણ ૯૮ ટકા પહોંચી ગયો છે. હવે આપણે કોરોનાની મહામારીથી બહાર નીકળી રહ્યા છીએ. ગઈકાલે રવિવારે ૭૦ જેટલા કેસો આવ્યા છે જે ભૂતકાળમાં ૧૪ હજાર જેટલા થઈ ગયા હતા. તેમણે વધુમાં કહ્યું કે આપણે પ્રાર્થના કરીએ કે ત્રીજી લહેર આવે જ નહિ આમ છતાં જો કોરોનાની ત્રીજી લહેર આવે તો તેને પહોંચી વળવા અને ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય તેવી વ્યવસ્થાઓ આપણે ઊભી કરી રહ્યા છીએ.

## સુંદરધામ ખાતે ભાગવત કથા

આજથી સાત દિવસીય ભાગવત કથા પ્રારંભ તારીખ ૫-૭-૨૧ સોમવારથી ૧૧-૭-૨૧ રવિવાર સુધી સમય બપોરે ૩.૩૦ થી ૫.૩૦ સુધી કથાનું ગાન ગોસ્વામી-સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે. સમગ્ર કથાનું આયોજન સુંદરધામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

# ગ્રામ્ય વિસ્તારોમાં ૪૨૦૩૨૩ વસ્તીએ ૫,૨૫,૩૨૮ વૃક્ષો

## દરેક બાળકને પ્રોત્સાહન આપી વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે

ગાંધીનગર, તા. ૫

પર્યાવરણના સમતુલન માટે વૃક્ષોની હાજરી અનિવાર્ય છે. પરંતુ વિકાસની આડમાં વૃક્ષોનું નિકંદન થઈ રહ્યુ છે. જેટલા વૃક્ષો કપાય છે તેટલા નવા વાવવામાં આવતા નથી પરિણામે પર્યાવરણ બગડે છે. ગાંધીનગરમાં ગ્રામ્ય વિસ્તારની સ્થિતિમાં વ્યક્તિઓની સરખામણીએ વૃક્ષો ઓછા છે. વૃક્ષો માર્ગ પહોળા કરવા માટે કાપવામાં આવ્યા છે. બીજા વૃક્ષો ઈમારતો બનાવવામાં કપાયા છે. ખેતીની જમીન જયારે બિન ખેતીની કરવામાં આવે છે ત્યારે ખેતરની અંદર અને આસપાસના વૃક્ષો કાપી નાંખવામાં આવે છે. વર્ષ-૨૦૨૧માં વૃક્ષની ગણતરીમાં નિલગીરીની ૩,૯૧,૬૨૩ જાત છે. બીજા નંબરે લીમડાની જાત છે જેનો કુલ આંકડો ૪૨,૩૯૬ નોંધાયો છે. દેશી બાવળની કુલ ૨૨,૩૧૬ જાત નોંધાવા પામી છે. ફળાઉ છોડમાં જાંબુના ૨૩૭૮ તથા ચીકુના ૧૧૧૦ છોડ નોંધાયા છે. અન્ય સુશોભન માટે ઉછેરવામાં આવતા વૃક્ષો કુલ ૫૧૭ છે. ઉપરાંત ૧૭૧૫ જેટલા અન્ય વૃક્ષો નોંધાયા છે. વર્ષ ૨૦૧૭ કરતા વૃક્ષોની સંખ્યા ઓછી થઈ છે. કોરોના મહામારી વખતે ઓક્સિજનની અછત સર્જાઈ જેનું એક કારણ વૃક્ષોમાં થતા નોંધપાત્ર ઘટાડો છે. ''પ્રકૃતિનો નુકશાન કરશો તો પ્રકૃતિ તમને નુકશાન પહોંચાડશે'' જે કોરોના મહામારીમાં જોવા મળ્યુ છે. જો કે ગાંધીનગર શહેરમાં પણ વિકાસ કાર્યોને કારણે પહેલા હતા તેના કરતાં વૃક્ષોની સંખ્યા ઘટી જવા પામી છે. જેને ભરપાઈ કરવા શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો અને સ્વૈચ્છીક સંસ્થાઓ સતત પ્રયાસ કરતાં રહે છે. ગાંધીનગરમાં વનમહોત્સવ ઉજવાય છે તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબજ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિ સૌદર્યમાં વધારો કરી શકાશે. વળી હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણનું જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે.

દરેક બાળકને પ્રોત્સાહન આપી વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આપણે નિશ્ચય કરીએ કે દરેક બાળક દર વર્ષે એક-એક વૃક્ષ તો ઉઘાડે જ. આથી બાળકોને વૃક્ષો તરફ પ્રેમ અને આકર્ષણ થશે. ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦૨૧ની વૃક્ષોની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. શહેરી વિસ્તારોની જુદા જુદા પ્રકારના વૃક્ષોની ગણતરી કોરોના મહામારીને કારણે થઈ શકેલ નથી. જે અંગે વન વિભાગનો ગાંધીનગર સમાચારે સંપર્ક સાંધતા જણાવ્યું હતુ કે ટુંક સમયમાં તેની ગણતરી હાથ ધરવામાં આવશે.

### ગાંધીનગરમાં સમાયેલા ગ્રામ્ય વિસ્તારના વૃક્ષોની ગણતરી કરતા વધારે પ્રમાણમાં જોવા મળતા વૃક્ષોની યાદી

| વૃક્ષોની જાતી | કુલ વૃક્ષની સંખ્યા |
|---|---|
| નિલગીરી | ૩,૯૧,૬૨૩ |
| લીમડો | ૪૨,૩૯૬ |
| દેશી બાવળ | ૨૨,૩૧૬ |
| અરડુસો | ૨૧,૫૬૫ |
| કણજી | ૧૧,૧૫૩ |
| ઈઝરાયલી બાવળ | ૪૬૩૨ |
| આમળા | ૩૯૮૦ |
| ગાંડો બાવળ | ૨૪૩૧ |
| જાંબુ | ૨૩૭૮ |
| ચીકુ | ૧૧૧૦ |

### જંગલ વિસ્તાર બહારની જગ્યાએ વૃક્ષોની સંખ્યા

| વર્ષ | કુલ વૃક્ષો (કરોડમાં) | પ્રતિ હેક્ટર વૃક્ષની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩ | ૧૨.૩૫ | ૫૭.૬૯ |
| ૨૦૦૮ | ૧૨.૪૮ | ૫૮.૨૫ |
| ૨૦૧૩ | ૧૩.૩૮ | ૬૩.૨૬ |
| ૨૦૧૭ | ૧૨.૮૦ | ૬૨.૭૪ |

## ચરેડી ચાર રસ્તાથી જીઈબી તરફના માર્ગો પર 'કટ' આપવા માંગ

ગાંધીનગર તા.૦૫

ગાંધીનગરના પેથાપુરથી એક રસ્તો ચરેડી ચાર રસ્તાથી જીઈબી કોલોની તરફ રસ્તાને મળે છે જેમાં ડાબી તરફ દીનદયાળ સેવા વસ્તી આવેલી છે જે પૂર્ણ થતાં જ ત્રણ રસ્તા પડે છે. આ રસ્તાની સામેની તરફ એટલે કે ડાબી તરફ જવા માટેના ડિવાઈડર પર કટ ન હોવાને કારણે કોઈ જગ્યા નથી જેના કારણે નાના મોટા દરેક વાહનોને આશરે ૪૦૦મીટર જેટલું રોંગસાઈડમાં છેક ચરેડી ચાર રસ્તા સુધી જવું પડે છે જેના કારણે અકસ્માતનું જોખમ સર્જાય છે. જો ડિવાઈડરની વચ્ચેથી બ્રેક આપી કટ આપવામાં આવે તો આ વાહનો સામેની તરફ સરળતાથી જઈ શકે અને કોઈ પણ વાહન ચાલકને રોન્ગ સાઈડ જવાની ફરજ ન પડે કારણ કે જો નિયમાનુસાર ડાબી તરફ જ વાહન હંકારી યુ ટર્ન લેવા જાય તો વાહનચાલકોને છેક જીઈબી કોલોની સુધી જવું પડે છે જે વધુ લાંબુ અંતર પડે છે. વાહનચાલકોને રોન્ગ સાઈડ જવાની ફરજ પડતી હોવાને કારણે આસપાસમાં રહેતા નાગરિકોને બંન્ને તરફ નું ધ્યાન રાખવું પડે છે તેમજ તેમના બાળકો ને અકસ્માતથી ઈજા થવાનું જોખમ રહે છે. આ સ્થિતિ નિવારવા માટે અને ભવિષ્યમાં કોઈ અકસ્માત ના સર્જાય તે માટે ડિવાઈડર તોડીને સામેની તરફ જવા માટે કટ આપવો જરુરી છે તેવી આ વિસ્તારના નાગરીકોમાં માંગ ઉઠવા પામી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# સેકટર-૩-૪ ના કટ પાસે બાઈક કાર વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના ગ માર્ગ પર સેકટર-૩-૪ ના કટ પાસે આજે બપોરના સુમારે બાઈક-કાર વચ્ચે



અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવારે બે યુવકો નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.જયારે ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન જલપન ઉર્ફે નાનજીભાઈ કાંતિભાઈ પટેલ નામના યુવકનું મૃત્યું નિપજયું હતું. જયારે બીજા યુવકને વધુ ઈજા પહોંચી હોવાથી અમદાવાદ ખાતે વધુ સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ રહી છે. શહેરમાં કાર અકસ્માતોની સંખ્યામાં રોજ બરોજ વધારો થતો જાય છે. વાહન ચાલકો ટ્રાફિકના નિયમનની ઐસી કી તૈસી કરીને બેફામ ગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. ત્યારે રોકેટ ગતિએ જતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ત્યારે શહેરના ગ માર્ગ પર આજે બપોરના ૩.૩૦ વાગ્યાના અરસામાં સેકટર-૩-૪ ના કટ પાસેથી પસાર થઈ રહેલા બાઈક પર બે યુવકો પસાર થઈ રહ્યા હતા. તે સમયે કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે યુવકો માર્ગ પર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. જયારે કાર ચાલક ભાગી ગયો હતો. અકસ્માતને પગલે એકઠા થયેલા નાગરીકોએ ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર માટે મોકલી આપ્યા હતા. જેમાં સારવાર દરમિયાન સેકટર-૪ એ પ્લોટ નં. ૧૮૦-૨ ખાતે રહેતા ૪૨ વર્ષિય જલપન ઉર્ફે નાનજી કાંતિભાઈ પટેલ નામના યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. જયારે ગંભીર ઈજાને પગલે અન્ય યુવકને સારવાર માટે અમદાવાદ મોકલી આપવામાં આવ્યો હતો. જયારે બનાવ અંગે મૃતક યુવકના પિતાએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## એનએસયુઆઈ દ્વારા વિદ્યાર્થીઓની ફી ૫૦ ટકા માફ કરવા કલેકટરને આવેદનપત્ર

વિદ્યાર્થીઓના હીતમાં અને કોરોનાની કપરી પરિસ્થિતિમાં આર્થિક રીતે નબળા વર્ગના વાલીઓના હિતમાં વિદ્યાર્થીઓની ૫૦ ટકા ફી માફ કરવા માટે કલેકટરને રજુઆત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર એનએસયુઆઈ શહેર પ્રમુખ યશ પટેલ, યુથ કોંગ્રેસ પ્રવકતા ફેનિલ પટેલ, ગુજરાત યુનિવર્સિટી વેલફેર મેમ્બર યશરાજ સિંહ ચાવડા, ઉપ્રમુખ રાજવીરસિંહ વાઘેલા, મહામંત્રી ઓમ પટેલ અને ચંદ્રરાજસિંહ ચાવડા અને એનએસયુઆઈના કાર્યકરોએ કલેકટર કચેરીએ આવેદન પત્ર આપ્યું હતું.